

# જીલાની બ્રિજની સાથે સુરતના આ બ્રિજ પરથી પણ ગમે ત્યારે ટુ-વ્હીલર ચાલક નીચે પટકાયને મોતને ભેટે તેમ છે પણ સુરત મનપાના નફ્ફટ તંત્રને કશી પડી નથી...!










» કેટલીક ઘટનાઓ બાદ પ્રશ્ન થાય કે સુરત મહાપાલિકામાં ઈજનેરો છે કે પછી ડોબાઓ..! સુરતમાં કેટલાક ફ્લાય ઓવર બ્રિજમાં વળાંક આપવામાં આવ્યો છે. જ્યાં વળાંક હોય ત્યાં વાહનોની સ્પીડ ઓછી રહે તેવા આયોજનો કરવાની સાથે વળાંક પર બ્રિજની પાળીની હાઈટ ઉંચી રાખવાની હોય છે. પરંતુ મનપાના અણઘડ ઈજનેરો આ ભૂલી ગયા છે. તસવીરમાં જે બ્રિજ દેખાય છે તેના પરથી ગમે ત્યારે ટુ-વ્હીલર ચાલક ઉછળીને નીચે પડે તેમ છે. અગાઉ મજુરાગેટ બ્રિજ પરથી ચાલક ઉછળીને નીચે પડ્યો હતો. તાજેતરમાં જીલાની બ્રિજ પરથી ઉછળીને નીચે પડવાને કારણે આખું પરિવાર નંદવાઈ ગયું છે. આટઆટલી ઘટનાઓ બનવા છતાં પણ મનપાના બ્રિજ સેલના અશિક્ષિત જેવા ઈજનેરોને બ્રિજના આ વળાંકો પર પાળીની હાઈટ વધારવી કે પછી ગ્રીલ મુકવાનું સુઝ્યું નથી. જો હવે કોઈ પણ આવી ઘટના બનશે તો તેનું પાપ ચોક્કસપણે મનપાના ઈજનેરોને લાગશે. (તસવીરઃ હેમંત ડેરે)

## કતારગામમાં ઘરકંકાસમાં કાપડ વેપારીએ ફાંસો ખાઈ આપઘાત કર્યો

સુરતઃ કતારગામમાં ઘરકંકાસમાં કાપડ વેપારીએ આપઘાત કરી લીધો હતો. મગનનગર વિભાગ-1માં રહેતા મુકેશ નાનજીભાઈ ધોધારી (ઉ.વ.42) કાપડના વેપાર સાથે જોડાયેલા હતા અને પાર્ટનરશિપમાં જીમ પણ ચલાવતો હતો. મુકેશે ગુરુવારની રાત્રે ઘરના પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

## ઠગાઈના કેસમાં કોર્ટે આરોપી વેપારીની જામીનઅરજી ફગાવી

સુરતઃ વેપારી અમિષકુમાર ભરતકુમાર સરકારી પાસેથી આરોપી અજીત હરિ સીંગે વિશ્વાસ કેળવી ઉધારમાં રૂા.૨૩,૯૩,૩૩૯નો માલ ખરીદ્યો હતો. જેનું પેમેન્ટ નહીં મળતાં અમિષકુમાર સરકારીએ કાપડ દલાલ કમલેશ ઈશ્વરભાઈ પટેલ અને વેપારી અજીત હરિ સીંગ વિરૂધ્ધ ખટોદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. અજીત હરિ સીંગે જામીન ઉપર મુક્ત થવા કોર્ટમાં અરજી કરી હતી. મૂળ ફરિયાદી તરફે એડવોકેટ નિમેષ પી. દલાલે ફરિયાદીનું સોગંદનામું રજૂ કર્યું હતું. સરકારી વકીલ રાજેશ પી. ડોબરીયાએ આરોપીની જામીન અરજીનો વિરોધ કરી દલીલો કરી હતી. સેશન્સ કોર્ટે આરોપી વેપારી અજીત હરિ સીંગની જામીનઅરજી નામંજૂર કરી છે.

## કે.પી કોમર્સની વિદ્યાર્થિનીનો ફાંસો ખાઈને આપઘાત

સુરતઃ વેડરોડ ત્રિલોક સોસાયટીમાં રહેતા સંતોષભાઈ કદમની 19 વર્ષીય પુત્રી સ્નેહા અઠવાલાઇન્સમાં કે.પી કોમર્સ કોલેજમાં બીકોમના બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી. ઉત્તરાયણના દિવસે સ્નેહા તેના મિત્રો સાથે ફરવા ગઈ હતી. દરમિયાન તેના પિતાએ તેને સાંજે ઘરે પરત આવવા કહ્યું હતું. પરંતુ તે રાત્રે આવી હતી. જેથી તેના પિતાએ તેને ઠપકો આપ્યો હતો. જે વાતનું માઠું લગાવી સ્નેહાએ ગુરુવારે બપોરે ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

## ઓનલાઈન છેતરપિંડીના કેસમાં કોર્ટે આરોપીને જામીન આપ્યા

સુરતઃ થાઈલેન્ડથી ગેરકાયદે રીતે બોર્ડર ક્રોસ કરાવી મ્યાનમાર ખાતે ચાલતી ચાઈનીઝ કંપનીના ગેરકાયદે કોલ સેન્ટર દ્વારા ઓનલાઈન છેતરપીંડી કેસમાં આરોપી આશીષભાઈ રાણાને સેશન્સ કોર્ટે જામીન પર મુક્ત કરવા હુકમ કર્યો છે. આ કેસનાં આરોપી આશીષભાઈ રમણલાલ રાણાએ બે જણાંને થાઈલેન્ડ મોકલ્યાનો આરોપ હતો. આરોપી આશીષભાઈ રમણલાલ રાણાએ એડવોકેટ રોહન કે. પાનવાલા મારફતે સેશન્સ કોર્ટમાં જામીનઅરજી કરી હતી.

# કચરા કૌભાંડમાં કમિ.એ ‘કચરો’ સાફ કર્યો

**કાર્યપાલક** ઈજનેર રાકેશ મોદી, એન્વાયરો એન્જિનિયર શરદ કાકલોતર સહિત તમામ એન્જિનિયરોની સોલિડ વેસ્ટમાંથી હક્કાલપટ્ટી

**કમિ.** દ્વારા નીમવામાં આવેલી ડે.કમિ. સહિતનાઓની તપાસ કમિટી દ્વારા તપાસમાં હવે શું થાય છે તે જોવું રહ્યું

### ઇજારદાર સામે પોલીસ ફરિયાદ કેમ નહીં?

ખજોદ ડિસ્પોઝલ સાઇટ પર કચરાનું પ્રોસેસિંગ કરવાના ઇજારદાર સીડી ટ્રાન્સપોર્ટ દ્વારા પ્રોસેસિંગ વગર કચરો બારોબાર ઠલવાયો અને મનપા પાસેથી પ્રોસેસિંગનાં બિલ પણ વસૂલવાનું કૌભાંડ બહાર આવ્યું હતું, જેમાં મનપાના અધિકારી કર્મચારીઓને તો નોટિસ સહિતના શિક્ષાત્મક પગલાં લેવાયાં, પરંતુ કરોડો રૂપિયાની ગેરરીતિ કરનાર ઇજારદાર એજન્સીને માત્ર અઢી કરોડનો દંડ કરી સેફ પેસેજ અપાયો હોય તેવી ચર્ચા છે. આ ઇજારદાર એજન્સીએ મનપા સાથે સીધી છેતરપિંડી કરી છે. કાકરિયામાં ઠલવાયેલો કચરો સુરત મનપાનો હતો તે સાબિત થયું અને કચરો પાછો પણ લાવવો પડ્યો. આમ છતાં હજુ સુધી ઇજારદાર સામે પોલીસ ફરિયાદ કેમ ના થઇ તેવા સવાલો ઊઠી રહ્યા છે. જો કે, ઇજારદારને રાજકીય ઓથ હોવાથી પણ તેની સામે આકરા પગલાં ભરવામાં પાછીપાની કરવામાં આવી રહી છે.

સુરતઃ મહાનગરપાલિકાના ખજોદ ડિસ્પોઝલ સાઈટ ખાતે સીડી ટ્રાન્સપોર્ટ દ્વારા આચરવામાં આવેલા કચરા કૌભાંડે પાલિકા આલમમાં ભારે ખળભળાટ મચાવ્યો છે. આ કૌભાંડમાં સોલિડ વેસ્ટ વિભાગના અધિકારીઓની સંડોવણીની આશંકા અને તપાસ કમિટીની રચના બાદ, મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલે અત્યંત આક્રમક વલણ અપનાવી સમગ્ર વિભાગમાં ધરખમ ફેરફારો કર્યા છે. વહીવટી સરળતા અને પારદર્શિતા લાવવા માટે સોલિડ વેસ્ટ વિભાગના તમામ ઈજનેરો અને આરોગ્ય કર્મચારીઓની સાગમટે બદલી કરી દેવામાં આવી છે. ખાસ કરીને કાર્યપાલક ઈજનેર રાકેશ મોદી તેમજ જેની સીધી જવાબદારી બને છે તે એન્વાયરો એન્જિનિયર શરદ કાકલોતર પાસેથી સોલિડ વેસ્ટ વિભાગ છીનવી લેવાયા છે.

આ કૌભાંડમાં મ્યુનિ.કમિ.એ આ કૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે એક ઉચ્ચસ્તરીય કમિટીની રચના કરી છે, જેમાં ડે.કમિ. દિનેશ ગુરવ, ડે.કમિ. નિધિ સીવાચ, ઈ.સિટી ઈજનેર ધર્મેશ ભગવાકર અને એડિશનલ સિટી ઈજનેર આશિષ નાયકને કૌભાંડની તલસ્પર્શી તપાસ તેમજ સી.ડી.ટ્રાન્સપોર્ટને 2022માં ઈજારો સોંપાયો ત્યારથી અત્યાર સુધીમાં સોલિડ વેસ્ટમાં ફરજ બજાવી ગયેલા અધિકારી-કર્મચારીઓની સંડોવણી બાબતે પણ તપાસ કરવા આદેશ અપાયો છે.

આ કૌભાંડમાં હાઈડ્રોલિક વિભાગના આસિસ્ટન્ટ એન્જિનિયર જૈમિન વી.પટેલને હવે સોલિડ વેસ્ટ વિભાગમાં મિકેનિકલ કામગીરીની વધારાની જવાબદારી સોંપાઈ છે. ઉપરાંત આસિસ્ટન્ટ એન્જિનિયર મોહસીનખાન એમ. પઠાણને વર્કશોપ, ડેપ્યુટી એન્જિનિયર વિનોદભાઈ પી. લુહારની સાઉથ ઝોનમાં મૂકી દેવાયા છે. જ્યારે ઉધના ઝોનના ડેપ્યુટી એન્જિનિયર પ્રદીપકુમાર બી.ભોયા તેમજ વોટર રિસોર્સ એન્ડ રિક્રિએશન સેલના આસિસ્ટન્ટ એન્જિનિયર અભિષેક આર.જૈનને હવે સોલિડ વેસ્ટ વિભાગમાં મુકાયા છે

આ ઉપરાંત સોલિડ વેસ્ટમાં ફરજ બજાવતા સેનિટરી ઈન્સ્પેક્ટર અબ્બાસખાન એન.પઠાણને સરથાણા અને સરથાણા યજ્ઞેશકુમાર એલ.વ્યાસને સોલિડ વેસ્ટમાં, જ્યારે સેનિટરી સબ ઈન્સ્પેક્ટર દીપકભાઈ આર.પટેલને નોર્થ ઝોનમાં સેનિટરી સબ ઈન્સ્પેક્ટર મનોજકુમાર જે.પરમાર સાથે પરસ્પર બદલી કરી દેવાઈ છે.

રાંદેરના સેનિટરી સબ ઈન્સ્પેક્ટર પરેશકુમાર આર.પટેલને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં ખાલી જગ્યા પર મુકાયા છે. આ ઉપરાંત, મહેશભાઈ જી.પટેલ (ચીફ સેનિટરી ઈન્સ્પેક્ટર-ઉધના, અલ્પેશકુમાર બી.વ્યાસ (ચીફ સેનિટરી ઈન્સ્પેક્ટર-સરથાણા), જિજ્ઞેશ એચ.દેસાઈ (સેનિટરી ઈન્સ્પેક્ટર-સેન્ટ્રલ ઝોન), વિજયકુમાર આર.ભોંસલે (સેનેટરી ઈન્સ્પેક્ટર-અઠવા) અને જગદીશકુમાર સી.સેલર (સેનિટરી સબ ઈન્સ્પેક્ટર-રાંદેર)ની પણ આંતરિક બદલીઓ કરવામાં આવી છે. કમિશનરના આ આકરાં પગલાંથી પાલિકાના અન્ય વિભાગોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

# જામીન પર છૂટીને ફરી એ જ સગીરાની છેડતી સાથે આતંક

**બંને** હાથમાં છરી લઈને પાછળ દોડ્યો, સગીરા અને પિતા પર હુમલાનો પ્રયાસ

**16** વર્ષની સગીરા સંબંધ નહીં રાખે તો જાનથી મારવા ધમકી

સુરતઃ કાપોદ્રામાં એકતરફી પ્રેમમાં પાગલ માથાભારે યુવકે સગીરા અને તેના પરિવારને બાનમાં લીધા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. અગાઉ છેડતીના ગુનામાં જેલવાસ ભોગવી જામીન પર મુક્ત થયેલા શખ્સે ફરી એકવાર સગીરાનો પીછો કરી, હાથમાં છરી સાથે તેને જાનથી મારી નાંખવાની ધમકી આપતા મામલો પોલીસમાં પહોંચ્યો છે. ગત ૧૫મી જાન્યુઆરીની રાત્રે દશરથનગરમાં રહેતો જયેશ દિલીપ પાટીલ વાદળી કલરની પલ્સર બાઈક પર છરી લઈને સગીરાની સોસાયટીમાં ઘૂસી આવ્યો હતો. આરોપીએ જાહેરમાં બૂમો પાડી ફરિયાદીની ૧૬ વર્ષીય દીકરીનો ફોટો લોકોને બતાવી ‘જો તે પ્રેમસંબંધ નહીં રાખે તો ચપ્પુ મારી દઈશ’ તેવી ધમકીઓ આપી બિભત્સ શબ્દો ઉચ્ચાર્યા હતા. આ દરમિયાન ઉતરાયણ નિમિત્તે બહેનપણીઓ સાથે બહાર ગયેલી સગીરા જ્યારે રિક્ષામાં પરત ફરી રહી હતી ત્યારે સોસાયટીના ગેટ પાસે જ બંને હાથમાં છરી લઈને ઉભેલા જયેશે તેને જોઈ લીધી હતી. પિતાએ ફોન પર સતર્ક કરતા સગીરા જીવ બચાવીને ઘરે દોડી ગઈ હતી. આ શખ્સ અગાઉ પણ છેડતીના કેસમાં પકડાઈ ચૂક્યો છે અને ૪ મહિના બાદ હાલ જામીન પર બહાર આવ્યો છે. અગાઉ પણ તેણે સગીરા સાથે મિત્રતા રાખવાના બહાને પિતા પર હુમલો કર્યો હતો. આ શખ્સ સતત દબાણ કરી પરિવારને હેરાન કરી રહ્યો હોવાથી આખરે પિતાએ કાપોદ્રા પોલીસ મથકનો દરવાજો ખટખટાવ્યો છે.

# ઓસ્ટ્રિયા-સ્લોવાકિયા વર્ક વિઝાના નામે રૂ.3.75 લાખની ઠગાઈ

**ભરૂચ** અને મોટા વરાછાના વિઝા એજન્ટ સામે અશ્વિનીકુમાર પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધ્યો

સુરતઃ કામરેજમાં ઈમિગ્રેશન વિઝાનું કામ કરતાં વ્યવસાયી સાથે અન્ય એજન્સી દ્વારા 3.75 લાખની ઠગાઈનો કિસ્સો સામે આવ્યો છે.

કામરેજ ગામની આત્મીયવિલા સોસાયટીમાં રહેતા કૌશિકભાઈ કિરીટભાઈ કાનાણી (ઉં.વ.૩૧) વરાછા જૂની ઝોન ઓફિસની બાજુમાં મીરાનગર સોસાયટી, ઘર નં.૯ ખાતે “કાનાણી વિઝા ઈમિગ્રેશન” નામે ઓફિસ ચલાવે છે. ફરિયાદ અનુસાર આરોપી પ્રિતેશ હસમુખભાઈ પટેલ (રહે.,ભરૂચ) અને પાર્થ રાજેશભાઈ માવાણી (રહે., સી/૧૧૦૩, બોલ્લોથમ હોમ્સ, એ.બી.સી. સર્કલ પાસે, મોટા વરાછા)એ એકબીજાની મદદગારી કરી ઠગાઈ આચરી હતી. ડિસેમ્બર-૨૦૨૪થી આજદિન સુધી આરોપીઓએ ઓસ્ટ્રિયા અને સ્લોવાકિયા માટે વર્ક વિઝા અપાવી આપવાનો ખોટો વિશ્વાસ અપાવી કૌશિકભાઈ કાનાણી તથા તેમના ગ્રાહકો પાસેથી રૂપિયા ઉઘરાવ્યા હતા. આ પ્રક્રિયામાં નીમેશભાઈ વલ્લભભાઈ માથુકિયા, સાંગાણી કિશન, ઉમંગ કાનજીભાઈ પટેલ, સોમીલ પોપટભાઈ સુતરિયા અને ભવદીપભાઈ ચોવટિયા સહિત કુલ પાંચ વ્યક્તિ પાસેથી રૂ.૩,૭૫,૦૦૦ રકમ લેવામાં આવી હતી. લાંબા સમય સુધી રાહ જોવાયા બાદ પણ ન તો કોઈ વર્ક વિઝા મળ્યા અને ન તો ચૂકવેલી રકમ પરત કરવામાં આવી. વારંવાર સંપર્ક કરવા છતાં આરોપીઓ આનાકાની કરતા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. પોતે અને પોતાના ગ્રાહકો છેતરાયા હોવાનો અહેસાસ થતાં કૌશિકભાઈએ આખરે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# તુમ યે ગલી મેં ક્યું આયે હો? કિસને ભેજા હે? કહી ફાયરિંગ

**ગોડાદરામાં** જૂના ઝઘડાની અદાવતમાં યુવક પર પાંચ ટપોરીઓનો જીવલેણ હુમલો, દેશી તમંચાથી એક ગોળી પેટમાં ધરબી દીધી

### આ પાંચ આરોપીની ધરપકડઃ-

નિખીલ મહેન્દ્રભાઇ રાઠોડ (ઉ.વ.૧૮ ધંધો મજુરી રહે.હળપતીવાસ, આસપાસ મંદિરની સામે, ગોડાદરા) સાહીલ ભગવાનભાઇ સાળુંકે (ઉ.વ.૧૯,ધંધો. કુરીયર રહે.કલાકુંજ સોસાયટી, ગોડાદરા, મુળ વતન- ધરના જી.જલગાંવ,મહારાષ્ટ્ર) શિવ રાહુલભાઇ ડોદરે (ઉ.વ.૧૮, ધંધો માર્કેટમા મજુરી રહે. નિલકંઠ નગર, ગોડાદરા,મુળ વરત- બોરદ તા. તળોદા જી. નંદુરબાદ,મહારાષ્ટ્ર) અજય ઉર્ફે જુગલ સંજુ સેજે (ઉ.વ.૨૫ ધંધો મજુરી રહે.આસપાસ નગર-૦૧, ગોડાદરા,મુળ વતન- જનવા તા. અમલનેર જી. જલગાંવ,મહારાષ્ટ્ર) વિકાશ ઉર્ફે શંભુ અશોકભાઈ વાનખેડે( ઉ.વ.૩૦ ધંધો. હીરા મજુરી રહે.મહારાણા પ્રતાપ સોસાયટી, ગોડાદરા, મુળ વતન- પંચક તા. જી. જલગાંવ,મહારાષ્ટ્ર) લકી હાલ વોન્ટેડ છે.

સુરતઃ ગોડાદરામાં જૂની અદાવતની આશંકામાં લક્કી નામના શખ્સે તેના સાગરીતો સાથે મળી એક યુવક પર દેશી તમંચાથી ફાયરિંગ કરી જાનથી મારી નાંખવાનો પ્રયાસ કર્યો હતો. ચિરાગભાઈ ગજેન્દ્રભાઈ ગોડકીયા (રહે. વલ્લભનગર, પુણાગામ) ગત ૧૫મી જાન્યુઆરીના રોજ રાત્રે તેમના મિત્રો સાથે બે મોટરસાયકલ પર કલાકુંજ સોસાયટીવાળા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા.

ત્યારે લક્કી નામનો શખ્સ ધસી આવ્યો હતો. તેણે ઉશ્કેરાઈને બૂમો પાડી હતી કે, “તુમ યે ગલી મેં ક્યું આયે હો? કિસને ભેજા હે? તુ મુજે ઔર શિવ કો મારને કે લિયે આયા હૈ ક્યાં?” આટલું કહી લક્કી અને તેના સાગરીતોએ ગાળાગાળી કરી ચિરાગભાઈને ઢીકમુક્કીનો માર મારવાનું શરૂ કર્યું હતું. ચિરાગભાઈ જમીન પર પડી જતાં લક્કીએ બંદુક લોડ કરી નજીકથી જ ચિરાગભાઈના પેટના જમણી બાજુએ એક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

લોકો આવી જતા આરોપીઓ ફરાર થઈ ગયા હતા. પોલીસે પાંચે ટપોરીઓને પકડી પાડ્યા હતા. પોલીસે ફાયરિંગમાં વપરાયેલો 5 હજારની કિંમતનો દેશી તમંચો પણ કબ્જે લીધો છે.

# ઈચ્છાપોરમાં સળગતી પત્નીનો વિડીયો ઉતારનાર પતિ ઝડપાયો

**ગૃહક્લેશથી** ત્રસ્ત પત્નીને આત્મહત્યા માટે પ્રેરી હતી, પત્નીએ અગ્નિસ્નાન કર્યું તો બચાવવાને બદલે વિડીયો ઉતાર્યો હતો

સુરતઃ ઈચ્છાપોરમાં ઘરેલું ઝઘડાને કારણે એક પરિણીતાના મોતની ઘટનામાં હવે પોલીસે આરોપી પતિની ધરપકડ કરી છે. પત્નીને આત્મહત્યા માટે ઉશ્કેર્યા બાદ સળગતી હાલતમાં તેનો વીડિયો બનાવ્યાનો ગંભીર આરોપ સામે આવતા સમગ્ર ઘટનાએ સમાજમાં ભારે આક્રોશ જગાવ્યો છે.

બિહારના છપરા-સારન જિલ્લાના અતરસન ગામના વતની હરબંશ છબીલા સાહ (ઉં. 64) ખેતીકામ કરીને જીવન ગુજારે છે. તેમની દીકરી પ્રતિમાદેવી (ઉં. 31)ના લગ્ન ત્રણ વર્ષ અગાઉ રંજિત દિલીપ સાહ (ઉં. 33) સાથે થયા હતા. લગ્નના થોડા સમય બાદથી જ પતિ દ્વારા નાની-નાની બાબતોમાં ઝઘડા, મારપીટ અને માનસિક ત્રાસ આપવાની શરૂઆત થઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ફરિયાદ મુજબ 04/01/2026ના રોજ સાંજે સાડા ચાર વાગ્યે પતિ-પત્ની વચ્ચે ફરી ઉગ્ર ઝઘડો થયો હતો. ઝઘડાની પરાકાષ્ઠાએ પ્રતિમાદેવીએ ગુસ્સા અને હતાશામાં “મરી જાઉં” એવી વાત કરતાં પતિ રંજિતે તેને આત્મહત્યા કરવા ઉશ્કેરણી કરી હતી.

આ ઉશ્કેરણીના પગલે પ્રતિમાદેવીએ ઘરમાં રાખેલું ડીઝલ પોતાના શરીરે ઢોળી દિવાસળી ચાંપી દેતાં તે સળગી ઉઠી હતી. આરોપ છે કે પત્ની સળગતી હોવા છતાં પતિએ તેને બચાવવાનો કોઈ પ્રયાસ કર્યો ન હતો. ઉલટું, તેણે સમગ્ર ઘટનાનો વીડિયો બનાવી અમાનવિયતા દર્શાવી હતી. ગંભીર રીતે દાઝી ગયેલી પ્રતિમાદેવીને સારવાર માટે ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમ્યાન તેનું મોત નીપજ્યું હતું.

**પછી કેવી રીતે કાયદો અને વ્યવસ્થા સચવાય ?**

# ગૃહમંત્રીના હોમ ટાઉનમાં જ પોલીસમાં ૩૭૫૬ જગ્યાઓ ખાલી!

**સંયુક્ત** પો.કમિ.ની 1, ડીસીપીની 2, એસીપીની 15 તેમજ પીએસઆઈની 297 જગ્યા ખાલી, આરટીઆઈમાં ખુલાસો

### RTIમાં બહાર આવેલા ચોંકાવનારા આંકડા

માહિતી અધિકાર અધિનિયમ હેઠળ મળેલી વિગતો સુરત પોલીસની વાસ્તવિક સ્થિતિ ઉજાગર કરે છે. સંયુક્ત પોલીસ કમિશ્નરથી લઈને કોન્સ્ટેબલ સ્તર સુધી માનવબળની ભારે અછત જોવા મળે છે. ખાસ કરીને બિન હથિયારી PSI અને આર્મ્ડ કોન્સ્ટેબલના પદોમાં અડધાથી વધુ જગ્યાઓ ખાલી હોવી એ કાયદો-વ્યવસ્થાના દૃષ્ટિકોણે ખતરનાક સંકેત છે. શહેરમાં વધતા ટ્રાફિક, સાઇબર ક્રાઇમ, ચોરી-લૂંટ અને સંગઠિત ગુનાઓ વચ્ચે પૂરતા પોલીસ કર્મચારીઓના અભાવે ફરજ પર રહેલા સ્ટાફ પર અતિરિક્ત બોજ વધી રહ્યો છે. RTIના આંકડાઓએ સરકારના દાવાઓ અને હકીકત વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરી દીધો છે.

### કોંગ્રેસનો સરકાર પર સીધો પ્રહાર

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટીએ સુરત પોલીસની હાલતને લઈ સરકાર પર ગંભીર આક્ષેપો કર્યા છે. મહામંત્રી દર્શનકુમાર એ. નાયકના જણાવ્યા મુજબ, સુરત હીરા અને કાપડ ઉદ્યોગનું વૈશ્વિક કેન્દ્ર હોવા છતાં શહેરની સુરક્ષા માટે પૂરતા પોલીસ જવાનો ઉપલબ્ધ નથી. ગૃહમંત્રીના વતનમાં જ પોલીસ વિભાગ ખાલી પડ્યો હોવો શાસનની નિષ્ફળતા દર્શાવે છે. કોંગ્રેસે ચેતવણી આપી છે કે જો તાત્કાલિક ભરતી પ્રક્રિયા શરૂ નહીં થાય અને પોલીસ મહેકમ મજબૂત નહીં બનાવાય તો વધતા ગુનાઓની સંપૂર્ણ જવાબદારી સરકારની રહેશે. જનતાની સુરક્ષા માટે કોંગ્રેસ સતત અવાજ ઉઠાવતી રહેશે.

સુરત શહેરની કાયદો અને વ્યવસ્થાને લઈને ગંભીર ચિંતા ઉભી થાય તેવી માહિતી બહાર આવી છે. માહિતી અધિકાર અધિનિયમ હેઠળ પ્રાપ્ત સત્તાવાર આંકડા મુજબ સુરત પોલીસ વિભાગમાં હજારો જગ્યાઓ ખાલી પડેલી છે.

રાજ્યના ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીના હોમટાઉન એવા સુરતના પોલીસ વિભાગમાં માનવબળની ગંભીર અછત સામે આવી છે. પોલીસ વિભાગના વિવિધ કક્ષાના પદોમાં કુલ ૩૭૫૬થી વધુ જગ્યાઓ ખાલી છે. સંયુક્ત પોલીસ કમિશ્નર (ટ્રાફિક/સેક્ટર-૨/ક્રાઈમ)ની મંજૂર ત્રણ જગ્યામાંથી એક જગ્યા ખાલી છે. નાયબ પોલીસ કમિશ્નરની ૧૮ જગ્યાઓમાંથી બે અને મદદનીશ પોલીસ કમિશ્નરની ૩૩માંથી ૧૫ જગ્યા ખાલી હોવાનું સામે આવ્યું છે. બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરની ૫૫૨ મંજૂર જગ્યાઓ સામે ૨૯૭ ખાલી છે.

આ ઉપરાંત, આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલની ૧૨૭૨ જગ્યાઓમાંથી ૫૧૮ અને આર્મ્ડ હેડ કોન્સ્ટેબલની ૨૩૧માંથી ૩૪ જગ્યાઓ ખાલી છે. પોલીસ કમિશ્નર કચેરી સુરત શહેરમાં વર્ગ-૧થી વર્ગ-૩ની કુલ ૯૮૪૫ મંજૂર જગ્યાઓ સામે ૩૨૦૪ ખાલી હોવાનું RTIમાં ખુલ્યું છે.

# પરિણીતાના ઘરમાં ઘૂસી બીભત્સ માંગણી સાથે બાહુપાશમાં જકડી

**ચોકબજારનો** કપડાં વેપારી ઈસ્માઈલ ઝવેરી પોતાની દુકાનની નોકરી છોડી ગયેલી પરિણીતાની પાછળ પડી ગયો હતો, જેલભેગો કરાયો

સુરતઃ અડાજણની એક પરિણીતાને નોકરી પર પરત આવવા માટે દબાણ કરી, તેના ઘરે જઈ છેડતી કરનારા ચોકબજારના કાપડના વેપારીને અડાજણ પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. અડાજણ વિસ્તારમાં રહેતી ૩૮ વર્ષીય પરિણીતા છેલ્લા ૮ વર્ષથી સોની ફળિયા, ચોકબજાર સ્થિત ઈસ્માઈલ સલીમભાઈ ઝવેરી (ઉ.વ.૩૮)ની કાપડની દુકાનમાં નોકરી કરતી હતી. છેલ્લા કેટલાક સમયથી પગાર બાબતે વિવાદ ચાલતો હતો અને પરિણીતાને ઈસ્માઈલના ચરિત્ર પર શંકા જતા, પરિણીતાએ કંટાળીને બે મહિનાથી નોકરીએ જવાનું બંધ કરી દીધું હતું. નોકરી છોડી દીધા બાદ પણ વેપારી ઈસ્માઈલ પરિણીતા તેના પતિ અને ભાઈને સતત ફોન કરીને પરેશાન કરતો હતો. તે પરિણીતાને નોકરી પર પરત આવવા દબાણ કરી ગાળો આપતો અને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતો હતો. ગઈ ૧૨/૦૧/૨૦૨૬ના રોજ રાત્રે આઠેક વાગ્યે, ઈસ્માઈલ પરિણીતાના ઘરે પહોંચ્યો હતો. તેણે બહાનું કાઢ્યું હતું કે પરિણીતાની મેડિકલ ફાઈલ દુકાને રહી ગઈ છે જે તે આપવા આવ્યો છે. ઘરમાં પરિણીતાને એકલી જોઈ આરોપીની દાનત બગડી હતી. તેણે બિભત્સ માંગણીઓ કરી પરિણીતાને પરાણે બાહુપાશમાં લઈ છેડતી કરી હતી. પરિણીતાએ પ્રતિકાર કરતા આરોપી ત્યાંથી ભાગી છૂટ્યો હતો. પરિણીતાએ તેના પતિને જાણ કરતા મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. અડાજણ પોલીસે ભોગ બનનારની ફરિયાદના આધારે છેડતી અને ધમકીનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી લીધી છે.

# ચેક રિટર્નના કેસમાં ગેરહાજર આરોપીને એક વર્ષનો કારાવાસ

સુરતઃ ચેક રિટર્નના કેસમાં કોર્ટે આરોપીને દોષિત ઠેરવી એક વર્ષ કેદની સજા અને રિટર્ન ચેકની રકમ ચૂકવવા હુકમ કર્યા હતો.

પાંડેસરામાં રહેતા વિશ્વકર્મા મહાવીર રામઅચલએ પાટીલ ઈશ્વર શ્રીકાંત વિરૂદ્ધ કોર્ટમાં ફરિયાદ નોધાવી હતી. ફરિયાદ મુજબ વિશ્વકર્મા મહાવીર રામઅચલએ આરોપી પાટીલ ઈશ્વર શ્રીકાંતને બે લાખ વીસ હજાર હાથ ઊછીના આપ્યા હતા. જે પેમેન્ટ પરત કરવા માટે આરોપીએ ચેક આપ્યો હતો, જે ચેક બેકમાં જમા કરાવતા રિટર્ન થયો હતો. આ કેસમાં કોર્ટ સમક્ષ આરોપી સતત ગેરહાજર રહેતા હતા. સુનાવણી દરમિયાન મૂળ ફરિયાદી તરફે એડવોકેટે દલીલ કરી હતી. આરોપીને યોગ્ય અને પૂરતી તક આપવા છતાં આરોપી હાજર નહીં રહેતા કોર્ટે આરોપીનો પુરાવા હક્ક બંધ કરીને તેને એક વર્ષની સજા તેમજ રિટર્ન ચેકની રકમ વળતર સહિત ચૂકવવા આદેશ કરી, સતત ગેરહાજર રહેલા આરોપી વિરૂદ્ધ ધરપકડ વોરન્ટ જારી કર્યો હતો.